GJBN070006032025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૨/૨૦૨૫ |
| રજી. થયા તારીખ | ૨૦/૦૨/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૧ ૧૧ |

सत्यमेव जयते

---

**પાલીતાણાનાં મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. પાલીતાણા**

---

**ક્રીમીનલ કેસ નંબર: ૩૮૯/૨૦૨૫**

**આંક:**

**વિવેકભાઇ વલ્લભભાઇ ધામેલીયા,**
**ઠે. સુમેરૂ હોટલ સામે વડીયા રોડ,**
**જકાતનાકા પાલીતાણા, જી. ભાવનગર. ... ફરીયાદી.**

**વિરૂદ્ધ**

**નિકુંજભાઇ પ્રવિણભાઇ ગોધાણી,**
**ખોડીયાર સિમેન્ટ પ્રોડકટ પ્રોપરાઇટર,**
**પાલીતાણા રોડ, બરફના કારખાનાની બાજુમાં ગારીયાધાર તથા**
**રેસી. એડ્રેસ- ગામ રતનપર, તા. પાલીતાણા, જી. ભાવનગર.**
**... આરોપી.**

...........................................................................

ફરીયાદ: ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ.

...........................................................................

ફરીયાદ પક્ષે :- વિ.વ.શ્રી વી.એમ. નાકરાણી
આરોપી પક્ષે :- કોઇ નહીં.

...........................................................................

**:: જ જ મે ન્ટ ::**

(૧) આ કામનાં ફરીયાદપક્ષની ફરીયાદ હકીક્ત ટુંકમાં એવી છે કે,

આ કામના ફરીયાદી પાલીતાણા મુકામે રહે છે. તેઓ પાલીતાણા ખાતે અંબીકા એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર અને વહીવટકર્તા છે. આરોપીએ ફરીયાદીની દુકાનેથી ધંધા હેતુ ગટર લાઈના મેન હોલ નંગ–૫૦ ખરીદ કરેલા જેના બીલના બાકી રૂા.૫૦,૫૦૦/– તથા સ્મિેન્ટના પાપડા લીન્ટલ ફુટ–૮૮૬ના રૂા. ૩૫,૪૮૦/– મળી કુલ રૂા. ૮૫૯૮૦/– બાકી લેણી થતી રકમ પેટે તમો આરોપીએ એકસીસ બેંક, ગારીયાધાર શાખાનો અંબીકા એન્ટરપ્રાઈઝના નામનો ચેક નં. ০૬૪૫૯૫ તા. ૨૧–૧૨–૨૦૨૪ ના રોજ આરોપીએ ગોધાણી નિકુંજ પી. ના નામની સહી કરી આપેલો. સદર ચેક ફરીયાદીએ પોતાની એકસીસ બેંક પાલીતાણા બ્રાંચમાં તા. ૨–૧–૨૦૨૫ તથા તા. ૭–૧–૨૦૨૫ તથા તા. ૧૦–૧–૨૦૨૫ નારોજ જમા કરાવતાં કુલ ત્રણ વખત ચેક વટાવવા ગયેલ પરંતુ દરેક વખતે ચેક નં. ০૬૪૫૯૫ ઈનશફીશીયન્ટ ફંડ ના શેરા સાથે તા. ૨–૧–૨૦૨૫, તથા તા. ૭–૧–૨૫ તેમજ તા. ૧૧–૧–૨૫ નારોજ પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીનો મૌખિકરીતે જાણ કરતાં આરોપીએ ઉડાઉ જવાબ આપેલ છ. તેથી ફરીયાદીએ આરોપીને તા.૨૦–૦૧–૨૫ નારોજ વકીલ મારફતે રજી. એ.ડી. આરોપીના સરનામે મોકલેલ જે નોટીસ આરોપીને ધારાસર બજેલ છે. આમ, આરોપીએ ફરીયાદીની બાકી નીકળતી લેણી રકમ નહી ચુકવી ધિ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ હોઈ, આરોપીને કાયદામાં જણાવ્યા મુજબ યોગ્ય નશ્યત અગર સજા કરવા તથા આરોપી પાસેથી ફરીયાદ વાળા ચેકની રકમનું બેગણું વળતર ચુકવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) સદર ફરીયાદ, ફરીયાદીનું વેરીફીકેશન લેવામાં આવેલ છે અને આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ, આરોપીને સમન્સની બજવણી થયેલ છે. આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેતાં તેઓને ફરીયાદ તથા ફરીયાદની સાથે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજોની નકલો આપવામાં આવેલી છે ત્યારબાદ આરોપીની પ્લી આંક : ૧૨ થી તા.૧૫/૧૦/૨૦૨૫ નાં રોજ લેવામાં

આવેલી છે. આરોપીએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરતાં આ કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાની ફરીયાદના સમર્થનમાં કેટલાક મૌખિક અને દસ્તાવેજી પુરાવા આ કામે રજુ થયેલ છે. જે નીચે મુજબનાં છે.

| | | |
|---|---|---|
| **મૌખિક પુરાવો :** | | |
| ૧. | ફરીયાદી– વિવેકભાઇ વલ્લભભાઇ ધામેલીયાની જુબાની | આંક–૦૪ |
| **દસ્તાવેજી પુરાવો :** | | |
| ૧. | આરોપીએ આપેલ ચેક નં. ૦૬૪૫૯૫ | આંક–૧૩ |
| ૨. | ચેક રીટર્ન મેમો– ૧ થી ૩ | આંક–૧૪ |
| ૩. | સંસ્થા નોંધણી અંગેનું પ્રમાણપત્ર | આંક–૧૫ |
| ૪. | આરોપીએ ફરીયાદીની દુકાનેથી ખરીદ કરેલમાલનું બીલ | આંક–૧૬ |
| ૫. | આરોપીને આપેલ લિગલ નોટીસ | આંક–૧૭ |
| ૬. | રજી. એ.ડી. પહોચ | આંક–૧૮ |
| ૭. | નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ | આંક–૧૯ |
| ૮. | નોટીસ બજી ગયાની ઓન લાઇન ટ્રેકીંગ રીપોર્ટ | આંક–૨૦ |

(૪) ત્યારબાદ ફરીયાદી તરફે આંક : ૨૧ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ છે. જેથી સદર કામ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન તૈયાર હોય પરંતુ આરોપીને વખતો વખત મુદતો આપવામાં આવેલ હોવા છતાં કોર્ટ સમક્ષ હાજર થઈ વધારાનો જવાબ આપેલ નથી અને કેસની ન્યાયીક પ્રક્રિયા વીલંબમાં નાખેલ જેથી આરોપીનો વધારાનાં જવાબનું સ્ટેજ સ્થગીત કરવાનો હુકમ કરી સદરહું કામ આગળનાં સ્ટેજ ઉપર રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપીનાં વધારાનાં જવાબ આ કામની આંક : ૧૨ ની પ્લી સાથે રાખવામાં આવેલ છે જયારે આરોપી તરફે તેમનાં બચાવમાં સાહેદો કે પુરાવો આપેલ નથી. ત્યારબાદ આરોપીનો પોકાર કરવા છતાં હાજર નથી.

(૫) ઉપરોક્ત પુરાવા ફરીયાદપક્ષ અને આરોપી પક્ષે પોતાની હકીકતોનાં સમર્થનમાં રજુ કરેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે મૌખિક દલીલો સાંભળી.

ત્યારબાદ આરોપી તરફે કોઈ હાજર ન રેહતા તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલ. જે જરૂર પડે ચર્ચા કરવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદીની ફરીયાદનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ :**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તેમણે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ (એ)(બી)(સી) ની જોગવાઈઓનું પાલન કરેલ છે. ?

(૨) શું ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરે છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯ મુજબ ચેકનાં ધારકની તરફેણમાં અનુમાન કરી શકે છે.?

(૩) શું આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનાં ગુનામાં તકશીરવાર ઠરે છે.?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગે આ કોર્ટનો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી નિર્ણય મુજબ.

ઉપરોક્ત મુદાઓ અંગે આ કોર્ટનાં ન્યાયિક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

(૮) સદરહું ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ હોય તેની કાર્યવાહી સંદર્ભે ના.સુપ્રિમકોર્ટ ક્રિમીનલ અપીલ નંબર ૯૬૮/૯૭૧/૨૦૧૩ – મહેસાણા નાગરીક સહકારી બેંક લી. વિરુધ્ધ શ્રી

કેબ કંપનીનાં કેસમાં ચુકાદો આપતાં પેરા નં. ૫ અને ૬માં નીચે મુજબ જણાવેલ છે.

> "5 we have perused the notes of evidance which are produced on record. They clearly show that evidence in this case was recorded in full and not in summery manner, that being so, we cannot but accept the submission of Mr. Ahmadi.
>
> 6. In fact & circumstances of the cases, we allow this appeal, set aside the order passed by High Court and direct the Chief Judicial Magistrate, Mehsana to proceed hereafter from the stage where it is pending now. As far as the application of the respondent for adding some other person to the complaint is concemed. We are not to inclined to accept that. It is for the complainant to decide as to against which party it wants to proceed."

આ કામે ફરીયાદીની સરતપાસ સમરી પ્રોસીજરમાં નોંધવામાં આવેલ નથી ફરીયાદીનો પુરાવો વિગતવાર ઉંડાણપુર્વક રજુ કરવામાં આવેલ છે તેમજ આરોપીની પ્લી પણ સમન્સ ટ્રાયલ કેસ નોંધવામાં આવેલ છે જેથી નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવ્યા પ્રમાણે કેસ જયાંથી અટકેલ હતો ત્યાંથી પુનઃશરૂ કરવામાં આવેલ છે.

(૯) **મુદ્દા નં.૧ ::–**

આ કામનાં આરોપીએ આ કામના ફરીયાદીને ફરીયાદ વાળો ચેક આપેલ છે તે કાયદેસરનાં દેવા અને જવાબદારીની પુરેપુરી કે અંશતઃ વસુલાત પેટે આપેલ છે તે મુજબનું ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯નું અનુમાન કાયદા મુજબ ફરીયાદીની તરફેણમાં કરવાનું છે. આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારીનો બોજો આરોપી ઉપર છે. આરોપીએ ફરીયાદ પક્ષનાં પુરાવા ઉપરથી કે પોતે પુરાવો રજુ કરીને તેમજ પુરાવામાં એવી શક્યતાં અને સંભાવતા ઉભી કરવાની છે કે, ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતું અનુમાનનું ખંડન થાય છે. જો આરોપી અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને સજા થાય અને જો અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપી નિંદોષ ઠરે આમ મુદ્દો બંને પક્ષ માટે મહત્વનો મુદો છે.

(૧૦) આ કામે ફરીયાદી તેમની સોગંદ ઉપરની સરતપાસ આંક : ૦૪થી રજુ કરેલ છે તેમણે પોતાનાં સરતપાસનાં સોગંદનામાથી ફરીયાદ હકીકતને પુરેપુરુ સમર્થન મળે તે રીતે સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે બચાવ પક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી જેથી તે અનચેલેન્જ રહેલ છે.

(૧૧) રેકર્ડ ઉપર રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સાથે થી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ગુનોનાં મુખ્ય તત્વો જોઈએ તો, ચેક કાઢી આપવો, ચેક બેંકમાં રજુ કરવો, ચુકવનાર બેંકે તે ચેક ચુકવણી વિના પરત કરવો, ચેક કાઢી આપનારને ડીમાન્ડ નોટીસ આપી ચેકનાં નાણાંની માંગણી કરવી, ચેક કાઢી આપનાર વ્યક્તિને નોટીસનાં પંદર દિવસની અંદર તેની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય. આ બધા કાર્યો એક વિસ્તારમાં થયા હોવા જોઈએ એવું જરૂરી નથી. ઉપરનાં પાંચ કાર્યો અલગ અલગ પાંચ જગ્યાઓએ ઉપસ્થીત થઈ શકે છે પરંતું આ બધા કાર્યોનું જોડાણ થાય તો જ આ કલમ–૧૩૮ હેઠળ ગુનો બને છે. હાલનાં કેસમાં ફરીયાદીને આરોપીએ આપેલ ચેક પાલીતાણા મુકામે જમા કરાવેલ હોય તેમજ આ કલમનો વ્યાપ હોવાથી કલમ ૧૩૮ હેઠળનાં ગુના અંગે કેસ ચલાવવા માટે અદાલતની હકુમતનો પ્રશ્ન કરવો તે નિરર્થક જણાય છે.

આ કલમનાં કલમ–૧૩૮(એ) અંગે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબનાં પુરાવા સાથે મુલ્યાંકન કરીએ તો,

સદરહું કામે ફરીયાદ પક્ષે આંક:૧૩ થી એકસીસ બેંક ગારીયાધાર શાખાના ચેક નં. ૦૬૪૫૯૫ તા. ૨૧/૧૨/૨૦૨૪ નો રજુ કરવામાં આવેલ છે જે ફરીયાદીની પેઢીના નામનો અને આરોપીના ખાતા નં. ૯૧૯૦૨૦૦૭૯૦૮૪૩૯૩ નો આપવામાં આવેલ છે. જયારે તે વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી કલમ ૧૩૮(એ) નું પાલન થાય છે.

ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ (બી)(સી)માં નોટીસ આપીને તથા નોટીસ મળ્યા એવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે.

જયારે આંક–૧૩ વાળો ચેક નં. ૦૬૪૫૯૫ ના રીર્ટન મેમો તા. ૦૨/૦૧/૨૦૨, તથા ૦૭/૦૧/૨૦૨૫ તથા ૧૧/૦૧/૨૦૨૫ ના રોજના આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી દ્વારા તા. ૨૦/૦૧/૨૫ નારોજ ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ જે આંક–૧૭ થી રજુ કરવામાં આવેલ છે. જે તા.૨૦/૦૧/૨૫ નારોજ રજીસ્ટર્ડ એ.ડી. કરવામાં આવેલ જેની પાવતી આંક–૧૮ થી રજુ કરવામાં આવેલ છે. જયારે તે રજીસ્ટર્ડ પોસ્ટ આરોપીને તા. ૨૩/૦૧/૨૫ નારોજ મળ્યાની પોસ્ટ ખાતાની ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ આંક–૨૦ થી રજુ કરવામાં આવેલ છે. જયારે તે વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, કલમ ૧૩૮(બી) નું પાલન થાય છે.

જયારે આરોપીને સદરહું કામની ચેક રીટર્ન અંગેની ડીમાન્ડ નોટીસ તા.૨૩/૦૧/૨૦૨૫ નાંરોજ ધારાસર બજી આવેલ છે. અને તેનાં પંદર દિવસમાં ચેકનાં નાણાં ફરીયાદીને ચુકવવામાં આવેલ નથી. જેથી હાલની ફરીયાદ તા.૨૦/૦૨/૨૦૨૫ નાં રોજ હાલની ફરીયાદ કરેલ છે જે ધ્યાને લેતાં આરોપીને ડીમાન્ડ નોટીસ તા.૨૩/૦૧/૨૦૨૫ નાંરોજ ધારાસર બજી આવેલ છે. જેથી તેમાં પંદર દિવસ ઉમેરતાં તા.૦૭/૦૨/૨૦૨૫નાં રોજ પંદર દિવસ પુર્ણ થાય છે. એટલે કે સદર કલમનાં ૧૩૮(સી)નાં બાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૨(૧) (બ) મુજબ એક માસમાં ફરીયાદ કરવાની રહે છે એટલે તા.૦૭/૦૩/૨૦૨૫ સુધીમાં ફરીયાદ કરવી જોઈએ જયારે હાલની ફરીયાદ ફરીયાદીએ તા.૨૦/૦૨/૨૦૨૫નાં રોજ કરવામાં આવેલ છે. જે ઉપરોક્ત હકીક્ત જોતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ (બી) તથા કલમ ૧૩૮(સી)ની જરૂરીયાતોનું પાલન થયેલ છે જયારે આરોપીએ આંક : ૧૩ નાં ચેકમાં તેમની સહી નથી તેવો બચાવ રજુ કરેલ નથી જેથી હું મુદ્દા નં.૧નો જવાબ હકારમાં ઠરાવું છું.

**મુદા નં. ૨ અને ૩ :**

(૧૨) આ કામે મહત્વનો મુદ્દો ચેકમાં જે દેવા/લેણાની રકમ જણાવેલ છે તે દેવું કાયદેસરનું છે કે કેમ ? અને તે ચુકવવા આરોપી બંધાયેલ છે કે કેમ તે

મુદ્દાની પણ ચર્ચા કરવી જરૂરી જણાય છે. આ બાબતે આંક : ૧ની ફરીયાદ વંચાણે લેવામાં આવે તો,આ કામના ફરીયાદી પાલીતાણા મુકામે રહે છે. તેઓ પાલીતાણા ખાતે અંબીકા એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર અને વહીવટકર્તા છે. આરોપીએ ફરીયાદીની દુકાનેથી ધંધા હેતુ ગટર લાઇના મેન હોલ નંગ–૫૦ ખરીદ કરેલા જેના બીલના બાકી રૂા.૫૦,૫૦૦/– તથા સ્મિેન્ટના પાપડા લીન્ટલ ફુટ–૮૮૬ના રૂા. ૩૫,૪૮૦/– મળી કુલ રૂા. ૮૫૯૮૦/– બાકી લેણી થતી રકમ પેટે તમો આરોપીએ એકસીસ બેંક, ગારીયાધાર શાખાનો અંબીકા એન્ટરપ્રાઇઝના નામનો ચેક નં. ૦૬૪૫૯૫ તા. ૨૧–૧૨–૨૦૨૪ ના રોજ આરોપીએ ગોધાણી નિકુંજ પી. ના નામની સહી કરી આપેલો. સદર ચેક ફરીયાદીએ પોતાની એકસીસ બેંક પાલીતાણા બ્રાંચમાં તા. ૨–૧–૨૦૨૫ તથા તા. ૭–૧–૨૦૨૫ તથા તા. ૧૦–૧–૨૦૨૫ નારોજ જમા કરાવતાં કુલ ત્રણ વખત ચેક વટાવવા ગયેલ પરંતુ દરેક વખતે ચેક નં. ૦૬૪૫૯૫ ઇનશફીશીયન્ટ ફંડ ના શેરા સાથે તા. ૨–૧–૨૦૨૫, તથા તા. ૭–૧–૨૫ તેમજ તા. ૧૧–૧–૨૫ નારોજ પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીનો મૌખિકરીતે જાણ કરતાં આરોપીએ ઉડાઉ જવાબ આપેલ છ. તેથી ફરીયાદીએ આરોપીને તા.૨૦–૦૧–૨૫ નારોજ વકીલ મારફતે રજી. એ.ડી. આરોપીના સરનામે મોકલેલ જે નોટીસ આરોપીને તા. ૨૩–૦૧–૨૫ નારોજ ધારાસર બજેલ છે. આમ, આરોપીએ ફરીયાદીની બાકી નીકળતી લેણી રકમ નહી ચુકવી ધિ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ભંગ કરેલ હોય હાલની ફરીયાદ કરેલ છે.

જે હકીક્તોને સમર્થનમાં સદરહું કામે રજુ મૌખિક પુરાવો ફરીયાદી–વિવેકભાઇ વલ્લભભાઇ ધામેલીયાનાએ સોગંદ ઉપરની સરતપાસ આંક : ૦૪થી રજુ કરેલ છે તેમણે પોતાનાં સરતપાસનાં સોગંદનામાથી ફરીયાદ હકીકતને પુરેપુરુ સમર્થન મળે તે રીતે સોગંદનામું રજુ કરેલ છે જ્યારે બચાવ પક્ષ દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય જેથી ફરીયાદીની હકીકતોનું ખંડન થયેલ નથી. જે ઉપર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૩) બંને પક્ષ તરફથી થયેલ રજુઆત અને પડેલ પુરાવો ધ્યાને લેતાં નીચેની બાબતો અંગે કોઇ વાદ નથી અને નીચેની બાબતો બીન તકરારી છે જેમ કે,

–આરોપીનું ખાતા નં. ૯૧૯૦૨૦૦૭૯૦૮૪૩૯૩ એકસીસ બેંક ગારીયાધાર શાખામાં ખાતું ચાલે છે.

–આંક–૧૩ વાળો ચેક નં. ૦૬૪૫૯૫ એકસીસ બેંક, પાલીતાણા શાખામાં રજુ કરવામાં આવેલ છે જે ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે ત્રણ વખત પરત ફરેલ છે જેના ત્રણ રીર્ટન મેમા સંયુકત આંક– ૧૪ થી રજુ કરેલ છે.

(૧૪) આ કામે બંને પક્ષ તરફથી થયેલ રજુઆત ધ્યાને લેતાં,

> Also the ratio laid down by the Hon'ble Apex Court in case of K. Prakashan V/s P. K. Surenderan reported in 2008 G.L.H. 362 is also required to be considered, wherein it is held that :-
>
> Sec. 118 (a) & 139 of N.I. Act are rebuttable Burden upon the prosecution vis-a-via an accused, as regard to the terms "proved" and "disproved", as contained in S. 3 of Evidence Act, it is not necessary that the accused should depose in evidence to discharge his burden.
>
> Sec. 139 of N.L.Act. The standard of proof in discharge of Burden in terms of S. 139, being of preponderance of probability, the inference, therefore, can be drawn not only from the materials brought on record but also from the reference to circumstances upon which the accused relied upon. Burden of Proof on the accused is not as high as that of the prosecution.
>
> In K.R.Indira V. Dr.G.adinarayan AIR 2003 S.C.4689-Negotiable Intruments Act(26 of 1881), s.138(b), proviso Dishnonour of cheque Demand notice-Dishnonour of four cheques consolidated demand notice would not invalidate same - however, there was no specific demand made for payment of the amount covered by the cheque-Notice incalid - Acquittal of accused, proper -
>
> same In Rajendra B.Choudhari v. State of Mahrashtra 2007 CRI.L.J.844

(૧૫) આમ ઉપરોક્ત રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા ચુકાદાઓ સાથે મુલ્યાંકન કરતાં, જયારે આપવામાં આવેલ ચેક કાયદેસરનાં દેવા કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલા કે નહી તે સવાલ ને ઉપરોક્ત

કલમ મુજબ મેજીસ્ટ્રેટ નક્કી કરી શકે. કેસ ચલાવવાનાં અને સજા કરવાની સત્તામાં ગુનો રચવામાં જરૂરી તત્વોની હાજરી નક્કી કરવાનો પણ સમાવેશ થઈ જાય છે અને તે તત્વોએ છે કે જે શોધવું જોઈએ કે ચેક કાયદેસર રીતે ચુકવવા પાત્ર દેવા કે જવાબદારી અદા કરવા આપવામાં આવેલો છે કે નહી જો તે સવાલ દિવાની કેસમાં ઉપસ્થિત થાય તો ફકત દિવાની કોર્ટ તે નકકી કરી શકે. ફોજદારી કાર્યવાહીમાં તે સવાલ ફોજદારી જવાબદારી નકકી કરવા માટે કોલેટરી ઉઠાવી શકાય. મેજીસ્ટ્રેટ પોતે ફોજદારી કાર્યવાહી અને સજા માટે તે નકકી કરી શકે તે ચેક હેઠળ બાકી લેણાં માટે દાવાનું હુકમનામું નક્કી કરતાં નથી તેમનું તારણ દિવાની કોર્ટને બંધનકર્તા થઈ ન શકે તેમ છતાં સજાનાં હેતું માટે તે પોતે જરૂરી હોય એવી કોઈપણ હકીકત નકકી કરવાની સત્તાનો પણ તેમાં સમાવેશ થાય છે.

(૧૬) સદરહું કામે વધુ ચર્ચા જતાં પહેલા,
ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮ : વટાઉખત વિશે માની લેવા બાબત, વિરુધધની હકીક્ત સાબિત ન થાય ત્યાં સુધી (એ) અવેજ વિશે, (બી) તારીખ વિશે, (સી) સ્વીકાર સમય, (ડી) તબદીલી સમય (ઈ) શેરાઓનાં ક્રમ, (એફ) સ્ટેમપ વિશે, ધારક યથાક્રમ છે, એમ માની લેવા વિશે,

ત્યારબાદ આ કામે અધિનીયમની કલમ ૧૩૯ વંચાણે લેવી ધણી જ જરૂરી છે, જે કલમ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

કલમ –૧૩૯ : ધારકર્તાની તરફેણમાં અનુમાન : જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી, ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકનાં ધારકે કલમ ૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અનય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃફેરવા માટે મેળવ્યો હતો.

ત્યારબાદ જોઈએ તો,

> Sec. 138 Dishnour of Cheque for insufficiency, etc. of funds in the account :-Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person....

In case of Arunbhai Nilkanthrai Nanavati V/s. Jayaben Prahladbhai, reported in 1999 (3) G.L.R. 2096 where in Para - 6 it has been observed by the Honble Gujarat High Court that the word "the bank" in Proviso (a) to section 138 are used. to Section 138, indicates the Bank means the Drawee of paying Bank on which the cheque is drawn.

Sec. 146 Bank's slip prima facie evidence of certain facts. :-

The court shall, in respect of every proceeding under this Chapter, on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of cheque, unless and until such fact is disproved.

In case of Ceat Tyres Ltd. V/s. State of Gujarat, reported in 2006 (3) G.H.J. 273 where in It is held that :-
Note: (B) Indian Evidence Act, 1872. Giving exhibits. The evidenitary value of documents is to decided at the stage of final arguments and tentative exhibits can be given.

Held: If at all there is any objection, for giving exhibit number to any document, the Court should record those objections so that at the time of final hearing the objectiors can point out their objections and the trial court may consider the same and decide evidentiary value of those documents. It is the subjective satisfaction of the trial court whether the documents should be exhibited or not. So far as the evidentiary value to concerned, all that depends upon the totality of the evidence to be read as a whole and as a cumulative effect thereof, the trial court may come to a conclusion as to whether facts are proved, disproved or not proved.
In case of Hiten P. Dalal V/s Bratindranath Banerjee reported in A.LR. 2001 S.C. 3897, wherein it is held that:-

Head Note B:-

N. L Act Sec. 138, 139 Dishonour of cheque. Presumption that cheque was drawn for discharge of liability of drawer. Is presumption of law. Ought to be raised by court in every case. Rebuttal Evidence. Nature. Mere plausible explanation is not sufficient. Proof of explanation is necessary.

(૧૭) આમ ફરીયાદીની હકીક્ત તેમજ ઉપરોક્ત ના.સુપ્રિમ કોર્ટ તથા નામદાર જુદી જુદી હાઇકોર્ટોની ઓથોરીટીઓ ધ્યાનમાં લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯ મુજબનું અનુમાન જયારે મુદ્દા નં. ૧નો જવાબ હકારમાં આવેલ જેથી ફરીયાદીની તરફેણમાં થાય છે હવે આ

અનુમાનનું ખંડન કરવાની જવાબદારી અને બીજો આરોપી ઉપર છે. તે માટે આરોપીએ લેખીત તેમજ મૌખિક પુરાવો રજુ કરવો પડે અથવા ફરીયાદીએ રજુ કરેલ પુરાવાનો આધાર લઈને ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં અનુમાનનું ખંડન કરવું પડે. તે માટે આરોપી તરફે કોઇ ખંડન કરેલ નથી કે ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આમ, સદરહું હકીક્ત જોતાં એવું સ્પષ્ટ ફલિત થાય છે કે, આરોપી તરફેનાં બચાવમાં ચેક નહી આપેલા અને તે તેમની ચેકમાં સહી નહી હોવાનો કોઇ બચાવ નથી. જયારે આંક : ૧૩ વાળા ચેકમાં તારીખ અને બાકીની વિગતો લખેલ છે જે વિરુધ્ધની કોઈ હકીકત આવેલા નથી જયારે આંક : ૦૧૬ થી રજુ બીલો થી આરોપી અને ફરીયાદી વચ્ચે માલ ખરીદી અંગેના વહેવારો થયેલ છે જે અનચેલેન્જ રહેલ છે જેમાં આરોપીએ ફરીયાદીના બાકી બીલના રૂા.૮૫,૯૮૦/- બાકી હતાં તે ચુકવી આપવાના હતાં જે અંગે હાલનો ચેક ફરીયાદીને આપેલ છે. જે વસુલાત માટે આંક-૧૩ વાળો ચેક રૂા. ૮૫,૯૮૦/- નો આપવામાં આવેલ જે ચેક સ્વીકાર્યા વગર ત્રણ વખત પરત આવેલ છે. જે માટે હાલની ફરીયાદ કરેલ છે. જે જોતાં ફરીયાદીની લેણી રકમ તેમની પાસે નીકળતી હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. જયારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ-૧૩૯ માં આપવામાં આવેલ પ્રીઝમશનને પણ આ કામના આરોપી "ડીસ્પ્રુવ" કરી શક્યા નથી. આરોપીએ ચેક ફરીયાદીને નહી આપેલાની હકકીત અને ફરીયાદવાળા ચેક અંગે તેમની કોઈ કાયદેસરની જવાબદારી ન હતી તે હકીકત શંકાથી પર સાબીત કરેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં કલમ-૧૩૯ અન્વયે અનુમાન કરવાનું રહે છે. આરોપીએ ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં પેટે આપેલ હતાં તેવું માનવાને કારણ રહે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ટુંકમાં જણાવીશ કે, ફરીયાદવાળા ચેક અંગેની જવાબદારી કાયદેસરની ન હતી તે આરોપી શંકાથી પર સાબીત કરી શકેલા નથી. જેથી આરોપીએ આંક-૧૩ વાળો ચેક ફરીયાદીને પોતાનાં કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ છે. જે માનવાને યોગ છે. જેથી ઉપરોક્ત ચર્ચાને અંતે નીચેના સિધ્ધાંતો જોવુ જરૂરી જણાય

છે. આમ આખરી નિર્ણય ઉપર આવતા પહેલાં નીચેના ઉપલી અદાલતના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાય છે.

"આ ઉપરાંત આર.વિજયન વિરુધ્ધ બેબી, જી.એલ.આર. ૨૦૧૨(૨) સુપ્રિમ કોર્ટ પાન નં.૧૩૫૩ ઉપરની ઓથોરીટી ધ્યાનમાં લેતાં ઓથોરીટીના પેરા ૭ મુજબ નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલું છે કે, જયારે ચેક પરત કર્યોના કેસમાં સજા કરવામાં આવે અને તે સજામાં દંડ કરવામાં આવ્યો ના હોય ત્યારે સી.આર.પી.સી. કલમઃ૩૫૭(૩) હેઠળ ફરીયાદીને વળતર ચુકવવાનો હુકમ કરી શકાય. વધુમાં એમ ઠરાવેલું છે કે, ચેકથી ડબલ રકમનો દંડ કરવો અને તે રકમમાંથી ચેકની રકમ તથા તે ઉપર ૯ ટકા લેખે સાદુ વ્યાજ ફરીયાદીને અપાવવાનો હુકમ કરવો. જો મેજીસ્ટ્રેટ ધી. ને.ઈ.એ.ક.૧૩૮ની ફરીયાદમાં ચેકની રકમનો ડબલ દંડ ફરમાવે તો તે કાયદેસર છે. નામદાર સુપ્રિમ કોર્ટે દરેક કેસમાં સમાનતા લાવવા માટે આ મુજબ આ ઓથોરીટીમાં જણાવેલુ છે. જેથી ફરીયાદીને બીજા વધારાના વાદ વિવાદમાં ઉતરવું ના પડે અને સમાનતા જળવાઈ રહે તે હેતુથી નામદાર સુપ્રિમ કોર્ટે આ જજમેન્ટથી સ્પષ્ટ કરેલુ છે."

આમ આરોપી ને.ઈ.એ.ક.૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રી.પ્રો.કોડ કલમ ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાનમાં લેવી પડે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે અને તેની કોઈ કીમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ક્રી.પ્રો.કોડ કલમ ૩૬૦ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી. આ સબંધે એમ.વી.નલીન કહાન વિ. એમ. રમેશન-૨૦૦૯, ક્રી .લો.જ.૧૭૦૩ ઉપરનો નામદાર કેરાલા હાઈકોર્ટ નો ચુકાદો ધ્યાનમાં લીધો છે.

આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતા ધ્યાને લેતાં મુદ્દા નં. ૧માં ચર્ચા કર્યા મુજબ તે હકારમાં જવાબ આપવામાં આવેલ છે જયારે આંક–૧૩ નો ચેક ફરીયાદીની બેંકમાં ત્રણ વખત રજુ કરવામાં આવેલ છે જે ચેક ઈનસફીશીયન્ટ ફંડ નાશેરા સાથે પરત ફરેલા છે જે અંગેના ચેક રીર્ટન મેમો આંક–૧૪ થી ધી રજુ થયેલ છે જે જોતાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરેલ તેમ હું માનું છું. જેથી મુદા નં.૨ અને ૩ના જવાબ હકારમાં આપવામાં આવે છે. જયારે હાલનાં કેસમાં રેકર્ડ પરનાં પુરાવાઓ, ફરીયાદપક્ષની દલીલો તેમજ ઉપરોક્ત ચર્ચા કરેલને આધારે એમ નિઃશંકપણે સાબિત થાય છે કે અને મુદ્દા નં. ૧ થી ૩માં કરેલ ચર્ચાને અંતે એવું તારણ ઉપર આવું છું કે આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ગુનો કરેલ હોવાની હકીક્ત નિઃશંકપણે સાબિત થતી હોય આરોપી તેની વિરુધ્ધ કરવામાં આવતા અનુમાનોનું ખંડન કરી શકેલ નથી જેથી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ક્લમ ૧૩૮નાં શિક્ષાપાત્ર ગુનહામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે.

સદરહું કામનું ગુનાનું સ્વરૂપ તથા તેની પ્રોસીજર ધ્યાને લેતાં સદરહું કામ જજમેન્ટ ઉપર આવતાં આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી. અને અનેક મુદતો આપવા છતાં હાજર ન રહી ન્યાયની પ્રકીયા વિલંબમાં નાખેલ છે અને તેમ છતાં આરોપીનાં વધારાનાં જવાબ માટે વારંવાર મુદતો આપવા છતાં હાજર રહેલ ન હોય અને સદર કેસ સને ૨૦૨૫નાં વર્ષના હોય અને ફરીયાદી ન્યાય માટે આજીજી કરતાં આરોપીને ઘણી તકો આપવા છતાં હાજર ન રહેતાં આરોપીનાં વધારાનાં જવાબનું સ્ટેજ સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવેલ છે જે અંગે રોજકામમાં પણ હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ સતત આરોપી ગેરહાજર રહેલ છે. અને તે અગાઉ પણ રકર્ડ જોતાં આરોપી નિયમીત હાજર રહેલા ન હોય જયારે ફરીયાદીનાં વિ.વ.શ્રી નિયમીત કોર્ટમાં હાજર રહેલા છે. ત્યારબાદ આજરોજ હુકમ માટે રાખેલ અને આરોપી હાજર રહેલ નથી. જે ધ્યાને લેતાં આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેવા અને સદર કામ વિલંબમાં નાખવા જાણી જોઈ હાજર રેહતાં નહી હોય જે માનવાને કારણ રહે છે. સદર કામે ચુકાદા માટે હોય જેથી આજ રોજ ઉપરોક્ત

હડીક્તો ધ્યાને લેતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૨ (૬)(૭) ધ્યાને લેતાં આ કામ નિકાલમાં અયોગ્ય વિલંબ ટાળવા આરોપીની ગેરહાજરી હોવા છતાં આજરોજ ફેસલો સંભળાવવામાં આવેલ છે.

ઉપરોક્ત ચર્ચાને અંતે તથા રજુ ચુકાદોઓનાં સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા તમામ હકીક્તોને લક્ષમાં લઈ મુદા નં.૪ માટે છેવટનો હુકમ આથી નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપી નિકુંજભાઈ પ્રવિણભાઈ ગોધાણીનાઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૮(૨) હેઠળ એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરું છું અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રસ્થાપિત એપેલેન્ટ કોર્ટના સિધ્ધાંત જોતા ચેકની રકમ મુજબની રકમ રૂા. ૮૫,૯૮૦/– (અંકે રૂપિયા પંચાસી હજાર નવસો એંસી પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.

(૨) અને દંડની રકમ રૂા.૮૫,૯૮૦/– (અંકે રૂપિયા પંચાસી હજાર નવસો એંસી પુરા) માંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ મુજબ રૂા. ૮૫,૯૮૦/– (અંકે રૂપિયા પંચાસી હજાર નવસો એંસી પુરા) વળતર સ્વરૂપે ફરીયાદીને આ હુકમ થયાનાં એક માસમાં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો દોષીત ઠરેલ આરોપી આ વળતરની રકમ ન ચુકવે તો વધુ ૪(ચાર) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪(૧) અન્વયે આ જજમેન્ટની એક નકલ દોષીત ઠરેલને તેઓ હાજર થયા તાત્કાલિક વિના મુલ્યે આપવી.

(૫) આરોપી આરોજ હાજર ન હોય જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૨ (૬)(૭) ધ્યાને લઈ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આજરોજ જાહેર કરેલ જેથી આરોપી સામે વોરંટ તત્કાલીન ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખઃ ૧૦ મી, માહેઃ એપ્રિલ, સને: ૨૦૨૬ નાં દિને સદરહું હુકમ આ અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬

સ્થળ: પાલીતાણા

**(રાજેશ માંદીયાભાઈ ધોડી)**
એડીશનલ ચીફ જ્યુડીશીયેલ મેજીસ્ટ્રેટ,
પાલીતાણા. જી.જે.૦૧૧૭૫

કે.એ. ખાણધર.